Extra No. 12

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

## [PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII ] FRIDAY, JANUARY 2, 2026 / PAUSA 12, 1947

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART -I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**વંચાણે લીધા:**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાના પત્ર ક્રમાંક: LIB/જાહેરનામું/૧૯૫૦/૨૦૨૫, તા.૩૧.૧૨.૨૦૨૫

(૨) ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ-૩૩(૧)નો ખંડ(ખ)

**-:જાહેરનામું:-**

નં.એમ.એ.જી./જાહેરનામું/વશી/૯૮૬/૨૦૨૫-શામળાજી ખાતે જગત પ્રસિધ્ધ વિષ્ણુ ભગવાનનું પૌરાણિક મંદિર આવેલ છે. જે મંદિર ગુજરાત તેમજ રાજસ્થાનના લોકોની આસ્થાનું કેન્દ્ર છે તેમજ આ મંદિર નેશનલ હાઈવે નં.૪૮ની નજીક આવેલ હોઈ અલગ-અલગ રાજ્યના લોકો દર્શનાર્થે આવતા હોય છે. જેથી શામળાજી ખાતે આવેલ શામળિયા ભગવાન (વિષ્ણુ ભગવાનજી) ના મંદિરમાં દર પૂનમ નિમિત્તે ભારે સંખ્યામાં દર્શનાર્થીઓ દર્શનાર્થે આવતા હોઈ તે દિવસ દરમિયાન શામળાજી સી.એચ.સી. ડીપ સુધીના વિસ્તારમાં નાના-મોટા ફેરિયાઓ તેમજ દર્શનાર્થીઓ ચાલતા આવતાં જતાં હોવાના કારણે ખુબ જ વધુ પ્રમાણમાં ટ્રાફિકની સમસ્યા રહેતી હોય છે તે સિવાયના નાના વાહન ચાલકો પોતાના વાહન ડુંગરની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં પાર્ક કરતા હોય છે તેમજ ડુંગર પાસે આવેલ પાર્કિંગની જગ્યા ઓછી હોઈ વાહન ચાલકો પોતાના વાહન રોડની સાઈડમાં પાર્ક કરી જતા રહેતા હોય છે. જેથી મોટા વાહનો આ સર્વિસ રોડ ઉપર આવન-જાવન કરે તે વખતે ભારે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. જેથી દર્શનાર્થીઓને આ ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે તેમજ ક્યારેક સુરક્ષાની રીતે મહત્વના પદાધિકારીશ્રીઓ પણ કોન્વોય સાથે મંદિરના દર્શનાર્થે આવતા હોય છે. જેથી શામળાજી બસ સ્ટેન્ડમાં આવતી તમામ બસોને કે જે હિંમતનગર, મોડાસા, ભિલોડા તરફથી આવતી હોય તેઓને શામળાજી સી.એચ.સી. બ્રિજ ઉપર (નેશનલ હાઈવે)થી આગળ કારછા એસ.ટી.સ્ટેન્ડ થી શામળાજી તરફ આવવા સારૂ તેમજ શામળાજી એચ.જી. વિદ્યાલય સર્વિસ રોડ થઈ શામળાજી આવવા તેમજ રતનપુર તરફથી આવતી બસો કે જે હિંમતનગર, મોડાસા, ભિલોડા રૂટ તરફ જનાર હોય તેઓને સી.એચ.સી. તરફ ન જવાની સમજ કરી તેઓને એચ.જી.વિદ્યાલય આગળ સર્વિસ રોડ તરફથી શામળાજી બ્રિજ ઉપર (નેશનલ હાઈવે) થઈ બસ લઈ જવા સારૂ તા.૦૩.૦૧.૨૦૨૬ના રોજ ૦૦-૦૦ કલાક થી ૨૪-૦૦ કલાક સુધી કુલ દિન -૧ (એક)નું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રેની કચેરીએ મોકલી આપેલ છે.

વાસ્તે, હું ડી. વી. મકવાણા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)ના ખંડ(ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ તા.૦૩.૦૧.૨૦૨૬ના રોજ ૦૦-૦૦ કલાક થી ૨૪-૦૦ કલાક સુધી દિન-૧ (એક) માટે શામળાજી બસ સ્ટેન્ડમાં આવતી બસો માટે નીચે મુજબ ડાયવર્ઝન આપવા ફરમાવું છું.

**હિંમતનગર, મોડાસા, ભિલોડા તરફથી આવતી બસો માટે**

(૧) શામળાજી સી.એચ.સી. બ્રિજ ઉપર (નેશનલ હાઈવે) થી આગળ કારછા એસ.ટી.સ્ટેન્ડ થી શામળાજી એસ.જી. વિદ્યાલય સર્વિસ રોડ થઈ શામળાજી તરફ આવવા સારૂ.

**રતનપુર તરફથી આવતી બસો માટે**

(૧) હિંમતનગર, મોડાસા, ભિલોડા રૂટ તરફ જનાર બસો સી.એચ.સી. તરફ ન જતાં એચ.જી. વિદ્યાલય આગળ સર્વિસ રોડ તરફથી શામળાજી બ્રિજ ઉપર (નેશનલ હાઈવે) તરફ જવા સારૂ.

વધુમાં, ટ્રાફિક નિયમન થાય તે માટે વોકી-ટોકી સેટ સાથે ટ્રાફિકના માણસો મૂકવાના રહેશે તેમજ ટ્રાફિક નિયમન તંત્ર, પોલીસ તંત્રએ સંબંધિત ગ્રામ પંચાયતોનો સહકાર મેળવી ટ્રાફિક નિયમન થાય, કાયદો વ્યવસ્થા જળવાઈ રહે અને સદર હંગામી પ્રતિબંધનો સુચારૂ અમલ થાય તે માટે તાત્કાલિક ધોરણે યોગ્ય આયોજન કરવાનું રહેશે. અગત્યના સ્થળોએ ટ્રાફિક પોઈન્ટ નિયત કરી ટ્રાફિક કર્મચારીઓ મૂકવાના રહેશે તેમજ જરૂરી સાઈન બોર્ડ, સૂચનાઓ અગાઉથી લગાવવાના રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૧૩૧ હેઠળ તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા, ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તાધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ -૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ - ૧૩૧ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨જી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**ડી.વી.મકવાણા**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

---------------

**વંચાણે લીધા:-**

૧. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અરવલ્લી મોડાસાના પત્ર ક્રમાંક:બ-૩/GPSC-પરીક્ષા/૨૦૨૫-૨૬/૯૦૩૭૨, તા.૩૦/૧૨/૨૦૨૫

૨. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

## જાહેરનામું

નં:એમ.એ.જી./પરીક્ષા/જાહેરનામું/વશી/૦૧/૨૦૨૬-વંચાણે લીધેલ પત્ર-(૧)ની વિગતે રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-૩ (જા. ક્રમાંક: ૧૨૭/૨૦૨૫-૨૬) પ્રિલિમનરી પરીક્ષા આગામી તા.૦૪.૦૧.૨૦૨૬ (રવિવાર)ના રોજ ૧૧.૦૦ થી ૦૧.૦૦ કલાક દરમિયાન અરવલ્લી જિલ્લાના વિવિધ કેન્દ્રો પર લેવાનાર છે. જેના અનુસંધાને પરીક્ષા સમય દરમિયાન જિલ્લામાં પરીક્ષાનું નિયમોનુસાર સુચાર આયોજન તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અરવલ્લી-મોડાસાનાઓ દ્વારા વંચાણે લીધેલ પત્ર-૧થી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

ઉક્ત વિગતો ધ્યાને લેતાં પરીક્ષા સમય દરમિયાન જિલ્લામાં પરીક્ષાનું નિયમોનુસાર સુચાર આયોજન તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું ડી. વી. મકવાણા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ સદર પરીક્ષા સમય દરમિયાન તથા પરીક્ષાની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી અરવલ્લી જિલ્લાના આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રો માટે નીચેની વિગતે હુકમ કરું છું.

- પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની સીમાથી ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિત પરીક્ષા સમય દરમ્યાન મોબાઈલ/સેલ્યુલર ફોન/પેજર/કોર્ડલેસ ફોન/સ્માર્ટ વોચ/ટેબલેટ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો સાથે લઇ જઈ શકશે નહીં.
- પરીક્ષા સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રના વિસ્તારમાં પરીક્ષા સાથે પ્રત્યક્ષપણે સંકળાયેલા હોય તે સિવાયના ચાર કે તેથી વધુ માણસોએ એકત્ર થવું નહીં સુત્રો પોકારવા નહીં કે સરઘસ અથવા રેલી કાઢવી નહીં, પથ્થર કે અન્ય આ પ્રકારના પદાર્થ લઇ જવા નહીં
- પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર સુધીની ત્રિજયામાં ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા નહીં
- પરિક્ષા સમય દરમિયાન પરીક્ષાર્થીઓને ખલેલ પહોચે તે રીતે માઈક/લાઉડ સ્પીકર/મ્યુઝીક વગાડી શકાશે નહી તથા આ સમય

દરમિયાન સક્ષમ ઓથોરીટી દ્વારા આપવામાં આવેલ પરમીશનો આપોઆપ રદ ગણાશે.

- પરીક્ષાના દિવસે પરીક્ષા સમય દરમ્યાન વીજ પુરવઠો ખોરવાય નહી તે માટે કોઈપણ પ્રકારનું ખોદકામ કરવું નહી.

- **અપવાદ:**- આ હુકમ નીચેના અધિકારીશ્રીઓને લાગુ પડશે નહિં.

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અને પરીક્ષા સમિતિના અધિકારીશ્રીઓ તથા પરીક્ષા કામગીરીમાં તેમજ બંદોબસ્તમાં રોકાયેલ સ્ટાફના માણસો.

(૨) સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મોડાસા તથા એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટશ્રી, મોડાસા.

(3) ફલાઈંગ સ્કવૉડના તમામ અધિકારીશ્રીઓ.

સદરહુ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત પાસેથી મોબાઈલ/સેલ્યુલર ફોન/પેજર/કોર્ડલેસ ફોન/સ્માર્ટ વોચ/ટેબલેટ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો મળી આવશે તો સ્થળ ઉપરના સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ - ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા, ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે જાહેરનામાની બજવણી કરવી/કરાવવી શક્ય ન હોઈ આથી એક તરફી ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામાની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં દેખી શકાય તે રીતે નકલો ચોંટાડીને તથા ગુજરાત સરકારના અસાધારણ રાજપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવા ફરમાવું છું.

આજ તા.૨જી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

**ડી.વી.મકવાણા**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

---------------

Government Press & Stationery, Vadodara.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press &
Stationery, Vadodara
Date : 2026.01.23 19:32:35 IST